## દૃશ્યાવલોકન




અભિજિત વ્યાસ

રન્નાદે પ્રકાશન

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૪, કિંમત : રૂ. ૯૫, પાનાં : ૧૪૩

*સિનેમા વિશેના બાવન લેખોનો સંગ્રહ.* પહેલા આઠ સિનેમા અને સંગીતના સંબંધ વિશે છે. ભારતીય સિનેમાની શતાબ્દી નિમિત્તે લખાયેલા ત્રણ પ્રસાંગિક લેખો છે. સેન્સરશીપ વિશેના પાંચ લેખો અને ફિલ્મ તરફ લલિત નિબંધ રૂપે પ્રતિભાવ આપતા લેખોના બે ગુચ્છ છે. મેઘાણી, સ્મિતા પાટીલ, ફેડરિકો ફેલિની અને ગોવિંદ નિહલાની વિશેના લેખો પણ અહીં છે. દેશ અને દુનિયાની ૧૬ ફિલ્મો અંગેના અલગ લેખો પુસ્તકનો સહુથી આકર્ષક ભાગ છે. લેખક સ્વસ્થ અને પ્રગતિશીલ દૃષ્ટિબિંદુથી દૃશ્યાવલોકન કરે છે...સેન્સરશીપના મુદ્દે લેખકનાં કેટલાંક વિધાનો આ મુજબ છે : "પ્રચલિત ભારતીય સિનેમામાં જાતીયતાનો અતિરેક ધાર્મિક ગણાયેલી ફિલ્મ 'જય સંતોષી મા'થી શરૂ થયો છે. તેમાંના બળાત્કારના દૃશ્યો અશ્લીલતા (પોર્નોગ્રાફી) કક્ષાનાં હતાં," "બોર્ડમાં બેઠેલી દસ-બાર વ્યક્તિઓ સમગ્ર દેશના પ્રેક્ષકોએ શું જોવું કે શું ન જોવું એ અંગે વિચારે એ વાત જ અત્યંત હાસ્યાસ્પદ છે."

## દ્વિરેફ વાતવિભવ



રા.વિ. પાઠક 'દ્વિરેફ'

(સંપાદક : ચિમનલાલ ત્રિવેદી)

ગૂર્જર પ્રકાશન

અમૃત પર્વ આવૃત્તિ : ૪ ફેબ્રુઆરી, ૨૦૦૪,

કિંમત : રૂ. ૪૦, પાનાં : ૬ + ૧૭૩

*દ્વિરેફની સોળ નવલિકાઓનો સંગ્રહ.*

ઉજ્જેણી નગરીમાં શીતલસિંહ અને ચંદનસિંહ બે રાજપૂતો રહેતા હતા. બેને એવી ભાઈબંધી કે જાણે ખોળિયાં બે પણ જીવ એક. દી ઊગ્યા વગર રહે તો એ બે મળ્યા વગર રહે. હવે ભગવાનને કરવું તે એ દી શીતલસિંહ પાણીશેરડે જતો હશે અને સામેથી ચંદનસિંહની વહુ બેડું ભરીને ચાલી આવે છે. શીતલસિંહ બાઈને જોઈ ગયો. આ બે ભાઈબંધ છે પણ કોઈ દી શીતલસિંહે ચંદનસિંહની બાઈડીને જોઈ નથી. તેમ એકબીજાને ઘેર કોઈ દી ગયા નથી. હંમેશ સવારસાંજ ગામને પાદર ભેગા થઈને ઘેર જાય, કે ઉજાણીએ જાય. પણ એકબીજાને ઘેર કોઈ દી ગયેલા નહિ. હવે શીતલસિંહની વહુનું રૂપ જોઈને મોહી પડ્યો છે. ઘણોય મનને વાળે છે પણ મન વળતું નથી.

## ધરતીની આરતી




સ્વામી આનંદ (સંપાદક : મૂળશંકર મો. ભટ્ટ)

લોકમિલાપ ટ્રસ્ટ (ભાવનગર)

પહેલી આવૃત્તિ : ૧૯૭૭, કિંમત : રૂ. ૧૨, પાનાં : ૪૯૯

*વ્યક્તિચિત્રો, બાઇબલ કથાઓનું તળપદું રૂપાંતર 'ઇશુ ભાગવત', ગીતાના ૧૦૮ શ્લોકોનું ગુજરાતી રૂપાંતર અને બીજા થોડા લેખો.*

'આપણે તો, ભાય! આ લોક પરલોકનું દોનૂં હાથમેં લડુ લઈને ફરવાવાળા. કોઈની ચોરીછિનાળી દગાફટકા કૂંડાળાં કર્યાં હોય તીને ડર. આપુને પરમેહરના ઘરનો ડર ની મલે. હામું જોવા કહે તો કઈહું, 'ઈમાં જોયા હું કરછ ટીકીટીકીને, મોટા પરમેહર? તેં જ તો તારો જાતનમૂનો આંખ હામ્મે રાખીને ઘડેલો, ઈમ વિશવાસી લોકના શાસ્તર કે'તાં છે. તિમાં વરી જોવાનું હું બાકી રિયું?... વળી કઈહું : 'તેં જ મોકલેલો, ને તારાં સોરુવાસરું ટેલટપોરું આવડ્યું તેવું કરીને આવી રિયો પાસો. પૂછી જો આ તારા ચોપડાવાળા બગલમાં ઘાલી ઊભેલાને. જમા-ઉધાર કાંયે ની મલે. બધું હરખુંહટ ને પાધરુંપટ. ના'વા નિચોવવા બાકી રાખ્યું હોય તો તારી કોરટ મારા ઉપર ચાલવાની, કે કશું નૉય તોયે? આપણો તો કપૂરનો દીવો હૂતો. તારી આરતિ ઉતારતે ઉતારતે બળી રિયો ને હોલવઈ ગિયો! પાછલ કશું રિયું હોય તો ને?' ('મહાદેવથી મોટેરા')

## ધરતીના ચિત્રકાર

## ખોડીદાસ પરમારનાં સંસ્મરણો

લોકકલા ફાઉન્ડેશન (અમદાવાદ)

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૧, કિંમત : રૂ. ૩૦૦, પાનાં : ૧૭૬ (૧૨ રંગીન પ્લેટ)




આંખો અને મનને આહ્લાદ આપનારા આ ચિત્રસભર પુસ્તકમાં લોકશૈલીના ચિત્રકાર, લોકકળા અને લોકસાહિત્યના સમર્થ સંશોધક એવા ખોડીદાસ પરમારનાં સંસ્મરણો છે. તદુપરાંત યામિની રોયની હરોળના આ સંનિષ્ઠ કલાકારને કલાકારો, મિત્રો, સ્નેહીઓ તેમ જ વિવેચકોએ આપેલાં 'વધામણાં' પણ છે. કલાકારનો અંગ્રેજીમાં છપાયેલો 'બાયોડેટા' છેલ્લાં ચાર પાનાં પર મૂકાયેલો છે. જોરાવરસિંહ જાદવે 'સંસ્કૃતિ, કલા, સાહિત્ય અને સંસ્કારની છડી પોકારતો ગ્રંથ' એમ કહીને પુસ્તકનું ગૌરવ કર્યું છે.




## ધૂમકેતુ વાતવિભવ

ધૂમકેતુ (સંપાદક : ચિમનલાલ ત્રિવેદી)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

અમૃત પર્વ આવૃત્તિ : ૪ ફેબ્રુઆરી, ૨૦૦૪,

કિંમત : રૂ. ૩૮, પાનાં : ૬ + ૧૬૨

*ધૂમકેતુની વીસ નવલિકાઓનો સંગ્રહ.*

'હા, અલી ડોસા કોણ ? તમે છો નાં ?'

'જી, અલી ડોસો તો મરી ગયેલ છે ! પણ એનો કાગળ લાવો મારી પાસે !'

'હેં ? કે દી ? લક્ષ્મીદાસ !'

'જી, એને તો ત્રણેક મહિના થઈ ગયા!' સામેથી એક પોસ્ટમૅન આવતો હતો.

***

તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરિયમનો કાગળ સાથે જ હતો. કબર પર કાગળ મૂકી પોસ્ટમાસ્તરને લક્ષ્મીદાસ પાછા વળ્યા. (પોસ્ટ ઑફિસ)